# ધર્મગુર્જરી

## સ્મરણિકા ગ્રંથનું વિમોચન

**નડિઆદ :** કેથોલિક કબ્રસ્તાનમાં નવનિર્મિત દેવાલયના નિર્માણ પ્રસંગે, સેંટ મેરીસ ચર્ચ ખાતે 'અંતિમ વિસામો' સ્મરણિકા ગ્રંથનું વિમોચન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં ધાર્મિક - સામાજિક લેખોનું સંપાદન શ્રી અનિલ રોન્ઝાએ કર્યું છે. આ પ્રસંગે ફાધર મેરી જોસેફ, સામાજિક કાર્યકર શ્રી કાન્તિભાઈ પરમાર તથા અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા. 'સમાજના દાતાઓની ઉદારતાને કારણે જ આ નિર્માણ અને પ્રકાશન શક્ય બન્યું છે.' એવો ઋણભાવ કાન્તિભાઈએ વ્યક્ત કર્યો હતો. *– શૈલેષ રાઠોડ*

## પુરોહિતદીક્ષાની રજતજયંતી

**અમદાવાદ :** પવિત્ર કુટુંબ ધર્મવિભાગ -ગોમતીપુરના મુખ્ય સભાપુરોહિત ફાધર સાલ્વાદોર ડી'બ્રિટોની પુરોહિતદીક્ષાની રજત જયંતીની ઉજવણી ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સંધ્યાટાણે કરવામાં આવી. આભારયજ્ઞમાં ફાધર સાથે ૫૦થી વધારે પુરોહિતગણ, ૩૦થી વધારે સાધ્વીબહેનો અને ૩૦૦થી વધારે આમંત્રિતો જોડાયા હતા. ઈસુસંઘી ફાધર અશોક વાઘેલાએ ફાધરને 'મળવા જેવા માણસ' તરીકે ઓળખાવ્યા હતા. 'પોતે તકલીફ વેઠીને અન્યને સુખસુવિધા આપવી એ તેમનો સ્વભાવ છે' એમ તેમણે ઉમેર્યું હતું.

'સાલ્વાદોર' એટલે 'મુક્તિદ્વાર' એવો અર્થ ફાધર લેસલી ડી'સોઝાએ રજૂ કરી, ફાધર બ્રિટોએ અનેકને મુશ્કેલીઓમાંથી ઉગાર્યા હોવાની વાત જણાવી હતી. શ્રી રાજુભાઈ સોલંકીએ ફાધરને કોઈપણ પરિસ્થિતિ-સંઘર્ષને પાર કરનાર વનરાજ તરીકે બિરુદ આપ્યું હતું.

આ પ્રસંગે ગોમતીપુર સ્થિત ત્રણેય શાળાઓના આચાર્યગણ તથા ધર્મ સેવાસમિતિના ઉપપ્રમુખ આલોઈસભાઈએ ફાધરને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છા પાઠવી હતી. રજતજયંતીની ઉજવણીમાં ફાધરના પરિવારજનોએ વસઈ-મુંબઈથી વિશેષ હાજર રહ્યાં હતાં અને ફાધરને શુભેચ્છા પાઠવી હતી. અંતમાં ફાધર બ્રિટોએ પોતાના જીવનમાં મદદરૂપ બનનાર સૌનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાનાં બાળકોએ સ્વાગત નૃત્ય અને ડાન્સ રજૂ કર્યા હતાં. ભોજન બાદ સૌએ વિદાય લીધી હતી. ફાધર બ્રિટોની રજતજયંતી, સુવર્ણજયંતીમાં પરિણમે એજ અભ્યર્થના.

*– સિ. ઈન્દિરા એલ.ડી.*

## સામૂહિક ઉજવણી

**વડોદરા :** સંત જોસેફ ધર્મવિભાગમાં ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ પ્રથમવાર પરમપ્રસાદ સંસ્કાર અંગીકારની જાહેર ઉજવણી કરવામાં આવી હતી. પવિત્ર ખ્રિસ્તયજ્ઞ દરમિયાન પ્રથમ ખ્રિસ્તપ્રસાદ ગ્રહણ કરનાર ૩૭ બાળકોએ જાહેર ઉજવણીના આરંભે રંગબેરંગી ફુગ્ગાઓની ગુલાબમાળા હવામાં તરતી મૂકવામાં આવી હતી. તેમનાં માબાપ, કેથોલિક સમાજના હોદ્દેદારોએ બાળકોનો આવકાર કરી ભેટ આપી હતી. પ્રાસંગિક પ્રવચનમાં સભાપુરોહિત ફાધર આલ્બર્ટ દેલગાડોએ આ દિવસને ઐતિહાસિક ગણાવ્યો હતો. ધર્મશિક્ષણ પરિવારના સુકાની શ્રી એડવિન પટેલિયાએ બાળકોને પ્રભુને પગલે ચાલવાની શીખ આપી હતી. આ ઉજવણીનું આયોજન, ભોજન વ્યવસ્થા ધર્મશિક્ષણ પરિવાર અને ગુજરાતી કેથોલિક સમાજે સંયુક્ત રીતે કર્યું હતું. સમાજના પ્રમુખશ્રી એડવોકેટ એડવિન ડાભીએ સમાજ અને ધર્મસભાની સહભાગીદારીને વધાવી હતી અને સૌનો આભાર માન્યો હતો. *– રવિ મેકવાન*

## લુર્ડ્સ પર્વની ઉજવણી

**ચકલાસી :** ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ લુર્ડ્સનાં માતા મારિયાનું પર્વ ધામધૂમથી ઉજવાયું. આ પ્રસંગે નિર્મલ મિરિયમ દેવાલય - નડિઆદના સભાપુરોહિત રેવ. ફાધર મારી જોસેફ તથા અન્ય પુરોહિતગણે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. ગામનાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. શ્રી કાનન લાઝરસ ભાટિયા તરફથી સર્વને ભોજન આપવામાં આવ્યું.

*– વિરલ પરમાર*

## સ્થાપનાદિનની ઉજવણી

**આણંદ :** ગામડી ધર્મવિભાગમાં છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સીનિયર સિટિઝન ફોરમના સ્થાપનાપર્વની દશાબ્દીની દમદાર ઉજવણી કરવામાં આવી. પ્રાર્થનાગીત, શાસ્ત્રપઠન અને દીપપ્રાગટ્ય દ્વારા ઉજવણીનો શુભારંભ થયો. પ્રમુખશ્રી વિનુભાઈ મકવાણાએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું અને ખજાનચી શ્રી જશભાઈ એફ. પરમારે વાર્ષિક હિસાબ તથા અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે ફોરમના આદ્યસ્થાપક પૂજ્ય ફાધર આલ્બર્ટ દેલગાડો એસ.જે., સભાપુરોહિત ફાધર મેક્સિમ એસ. જે. તથા મુખ્ય મહેમાન આણંદ મતવિસ્તારના વિધાનસભા સભ્યશ્રી કાન્તિભાઈ સોઢા પરમાર ઉપસ્થિત રહ્યા હતા. તદ્‌ઉપરાંત શ્રી વિનોદભાઈ જાદવ, કાન્તિભાઈ ક્રિસ્ટી, શ્રી ચીમનભાઈ પટેલિયા, શ્રીમતી સવિતાબેન ચૌહાણ, ફાધર આલ્બર્ટ તથા આણંદ ઈસુસંઘ સમાજના નવનિયુક્ત સુપીરિયર ફાધર એન્થોની વેદમ્ હાજર રહ્યા હતા.

૭૫ મી વર્ષગાંઠની ઉજવણી કરતાં ફાધર આલ્બર્ટ દેલગાડોએ, ધર્મવિભાગના સેવાકાર્યને બિરદાવતાં પોતાના કાળના અધૂરાં કાર્ય પૂર્ણ કરવા સૌને અનુરોધ કર્યો હતો. જંગી બહુમતીથી વિજેતા બનાવવા શ્રી સોઢાપરમારે સૌનો આભાર માન્યો હતો અને જરૂર પડ્યે હાજર થવા ખાતરી આપી હતી. આ પ્રસંગે શ્રી ચીમનભાઈ, શ્રી વિનોદભાઈ અને શ્રી કાન્તિભાઈ એમ પ્રત્યેકદાતાઓએ રૂા. ૫૦૦૦/- નું દાન જાહેર કર્યું હતું.

*– શાંતિલાલ મેકવાન દ્વારા*

## પુરોહિતદીક્ષાની રજતજયંતી

**અમદાવાદ :** ૧૮.૦૨.૨૦૧૮ના રોજ 'બાળઈસુ દેવાલય' હાંસોલ ખાતે રેવ. ફાધર લોરેન્સ માર્ટિસની પુરોહિતદીક્ષાની રજતજયંતીની શાનદાર ઉજવણી કરવામાં આવી. સાંજે ૪.૦૦ કલાકે શાળાના પટાંગણમાંથી સરઘસ આકારે સૌ દેવાલય સુધી પધાર્યા હતા. આભારયજ્ઞમાં ફાધર લોરેન્સ સાથે મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન તથા અમદાવાદ ધર્મપ્રાંતના નવનિયુક્ત ધર્માધ્યક્ષશ્રી ફાધર રત્નાસ્વામી સાથે ૬૫ થી વધારે પુરોહિતગણ, અસંખ્ય સાધ્વીબહેનો